# ફન વર્લ્ડ


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| वरण | રોટલી |
| पोळी | ચોખા |
| ताक | થાળી |
| ताट | દાળ |
| तांदूळ | છાસ |

## ઓળખાણ પડી?



અનેક વર્ષોથી સાડીની શોખીન મહિલાઓની પસંદગીની યાદીમાં આદરભર્યું સ્થાન ધરાવતી સાડીના આ પ્રકારની ઓળખાણ પડી? લગભગ દરેક પ્રાંતની સ્ત્રીઓ આ સાડી પસંદ કરે છે.

અ) પટોળા બ) પૈઠણી ક) બાંધણી ડ) કાંજીવરમ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ૨ ક્ષા | બં | ૩ ધ | ૪ ન | | ૫ જ | નો | ૬ ઇ | |
| ૭ ક્ષ | ર | | ૮ ડ | ર | ૯ ના | | | ૧૦ શ | ૧૧ બ |
| ણ | | ૧૧-અ વા | | ૧૨ ક | ળિ | ૧૩ યુ | ગ | | ળે |
| | ૧૪ સ | હ | ૧૫ જ | | ૧૬ ચે | તી | | ૧૭ ભા | વ |
| ૧૮ કું | જ | | ૧૯ જ | બ | રી | | | ન | |
| ૨૦ તા | ન | | બા | | ૨૧ પૂ | જ | ૨૨ ન | | ૨૩ ય |
| મા | | ૨૪ ના | ત | | ર્ણિ | | વી | | મુ |
| ૨૫ તા | ૨૬ પ | | | ૨૭ હ | મા | મ | | ૨૮ મ | ના |
| | ૨૯ વિ | લ | | મ | | | ૩૦ ના | ર | |
| ૩૧ સૂ | ત્ર | | ૩૨ શ | ચી | | ૩૩ અ | ભિ | મ | ન્યુ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | | ૫ | | ૬ |
| ૭ | | | | | | ૮ | | | |
| ૯ | | | ૧૦ | | | | | ૧૧ | |
| | | | | | ૧૨ | | ૧૩ | | |
| | ૧૪ | ૧૫ | | | ૧૬ | | | | |
| ૧૭ | | | | ૧૮ | | | | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | ૨૨ | | ૨૩ | | |
| | | ૨૪ | | ૨૫ | | ૨૬ | | | |
| ૨૭ | ૨૮ | | | | ૨૯ | | | ૩૦ | |
| | ૩૧ | | | | | ૩૨ | | | |

### આડી ચાવી

૧. ઈસરોના અધ્યક્ષ (૨, ૪)
૫. ચર્ચા --- અંગ્રેજીમાં (૩)
૭. કાદવમાં ખીલતું ફૂલ (૩)
૮. રિતિક રોશનની એક ફિલ્મ (૨)
૯. રાજ્યને લગતું, રાજા (૨)
૧૦. ધૂળ --- ઉર્દૂમાં (૨)
૧૧. મોટેથી પોકારવાનાં સૂત્રો (૨)
૧૨. નહીંતર (૩)
૧૪. સૂરત, મુખ (૩)
૧૬. ભરેલું (૪)
૧૭. ભાગ્યે જ મળે એવું (૩)
૨૦. દાણો (૨)
૨૧. સરળ, નરમ સ્વભાવનું (૩)
૨૩. નિરંતર, હંમેશાં, એકધારું (૩)
૨૫. હાથે લખેલું પુસ્તક (૪)
૨૭. પ્યાસ (૩)
૨૯. નવું --- હિન્દીમાં (૨)
૩૦. ઓરડો (૨)
૩૧. સાથ, સહકાર (૪)
૩૨. પ્રવાહીનું ઉપલું સ્તર (૩)

### ઊભી ચાવી

૧. કબૂલાત --- ઉર્દૂમાં (૪)
૨. જ્ઞાન, ડહાપણ, કરાર (૩)
૩. દસ + છ (૨)
૪. જે મર્દ નથી તે (૩)
૫. થાળી --- અંગ્રેજીમાં (૨)
૬. અથડામણ (૪)
૮. ડિજિટલ ચલણ જે ચર્ચાસ્પદ છે. (૨,૩)
૧૦. ઊંડો (૩)
૧૨. આકાશ (૨)
૧૩. 'રચવું'નું આજ્ઞાર્થ (૨)
૧૪. પગ (૩)
૧૫. મારી --- ઊતારો રાજ - ગુ. ફિલ્મ (૨)
૧૭. વિકાસ પામેલું (૪)
૧૮. ઝઘડો, કંકાસ (૩)
૧૯. આભ, આકાશ (૪)
૨૨. માણસ --- પ્રાણી છે. (૩)
૨૩. સતીત્વનો જુસ્સો (૨)
૨૪. સહેવું મુશ્કેલ (૩)
૨૬. પ્રયત્ન (૩)
૨૮. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૩૦. કેડ, કમર (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના જમાઈના સસરાની પત્નીની સાસુ સગપણમાં એ પુરુષને શું થાય એ જરા દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) સાળી ક) મમ્મી ડ) મામીજી

## જાણવા જેવું

પૃથ્વીની આસપાસ નજીકમાં અલ્પાવકાશ અને દૂર શૂન્યાવકાશ છે. વચમાંના વિસ્તારને અંતરીક્ષ તરીકે ઓળખવામાં આવે છે. અંતરીક્ષમાં યાત્રીની શારીરિક પ્રક્રિયાઓમાં અનુભવાતા ફેરફારો તેમજ તેના સ્વાસ્થ્યરક્ષણ અંગેના શાસ્ત્રને અંતરીક્ષ આયુર્વિજ્ઞાન કહે છે. સજીવો પર અંતરીક્ષયાત્રા દરમિયાન થતી અસરોના અભ્યાસ માટે ૧૯૪૮-૫૬ દરમિયાન અમેરિકાએ તેમજ રશિયાએ રૉકેટ દ્વારા નાનાં પ્રાણીઓને અંતરીક્ષમાં મોકલ્યાં હતાં.

## સુડોકુ-૪૮૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૫ | ૩ | | | ૮ | ૧ | |
| ૨ | | | | | | | | |
| | ૯ | | ૫ | | | | ૬ | ૭ |
| | | ૯ | | | ૫ | ૭ | | |
| | ૬ | | | | | | ૮ | |
| | | ૩ | ૭ | | | ૫ | | |
| ૯ | ૩ | | | | ૧ | | ૫ | |
| | | | | | | | | ૨ |
| | ૫ | ૬ | | | ૪ | ૩ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૪૮૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૮ | ૫ | ૧ | ૩ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૫ | ૧ |
| ૫ | ૭ | ૧ | ૯ | ૬ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૭ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૪ | ૯ |
| ૯ | ૧ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૨ | ૯ | ૬ | ૫ | ૧ | ૭ |
| ૧ | ૫ | ૩ | ૮ | ૪ | ૯ | ૭ | ૬ | ૨ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૭ | ૧ | ૪ | ૯ | ૫ |
| ૪ | ૯ | ૭ | ૬ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ |

## ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક કદાવર અને ખૂંખાર જળચર પ્રાણી લપાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.

તમને કેમ ગરમ રોટલી નથી ભાવતી એ સમજાવશો?

## નોંધી રાખો

ઈતની શક્તિ હમેં દેના દાતા, મનકા વિશ્વાસ કમજોર હો ના, હમ ચલેં નેક રસ્તે પે હમસે ભૂલ કર ભી કોઈ ભૂલ હોના. વિશ્વાસ મજબૂત હશે તો મંઝિલ મેળવવી અસંભવ નથી.

## માઈન્ડ ગેમ

ભારતની અભૂતપૂર્વ 'ચંદ્રયાન ૩'ની સિદ્ધિ નિમિત્તે અંતરિક્ષમાં ગયેલા પ્રથમ ભારતીય અવકાશયાત્રીનું સ્મરણ પણ કરવામાં આવ્યું. ભારતીય હવાઈ દળમાં પાયલટ રહી ચૂકેલા એ અવકાશવીરનું નામ જણાવો.

૧) રાજા ચારી ૨) શિરીષ બંદેલા ૩) રાકેશ શર્મા ૪) સુનિતા વિલિયમ્સ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| कासव | કાચબો |
| कोल्हा | શિયાળ |
| बेडूक | દેડકો |
| शेळी | બકરી |
| खार | ખિસકોલી |

ગુજરાત મોરી મોરી રે
મોટી સાળી

ઓળખાણ પડી?
સુષમા સ્વરાજ

માઈન્ડ ગેમ
ચેતન શર્મા

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
યામિની

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

૧). કિશોરકુમાર જીવણદાસ વેદ ૨). મુલરાજ કપર ૩). સુભાષ મોમાયા ૪). નીતા દેસાઇ ૫). શ્રદ્ધા આશર ૬). ખુશરુ કાપડિયા ૭).ભારતી બૂચ ૮). મીનળ કાપડિયા ૯). પુષ્પા પટેલ ૧૦). નિખિલ બેન્ગાલી ૧૧). અમિષી બેન્ગાલી ૧૨). વિભા મહેશ્વરી ૧૩). મહેન્દ્ર લોધવિયા ૧૪). હર્ષા મહેતા ૧૫). ડૉ. પ્રકાશ કાટકિયા ૧૬). ભારતી પ્રકાશ કાટકિયા ૧૭). કલ્પના આશર ૧૮). જ્યોતિ ખાંડવાલા ૧૯). જ્યોત્સના ગાંધી ૨૦). રમેશ દલાલ ૨૧). ઇનાક્ષીબેન દલાલ ૨૨). હિનાબેન દલાલ ૨૩). પુષ્પા ખોના ૨૪). નંદકિશોર સંજાણવાલા ૨૫). નયના ગીરીશ મિસ્ત્રી ૨૬). મનીષા શેઠ ૨૭). ફાલ્ગુની સેઠ ૨૮). સુરેખા દેસાઇ ૨૯). મહેશ સંઘવી ૩૦). ભાવના કર્વે ૩૧). વીણા સંપટ ૩૨). રજનિકાંત પટવા ૩૩). સુનિતા પટવા ૩૪). મહેશ દોશી ૩૫). ગિરીશ બાબુભાઇ મિસ્ત્રી ૩૬). દેવેન્દ્ર સંપટ ૩૭). દિલિપ પરીખ ૩૮). મીરા ગોસર ૩૯). નિતિન જે. બજારિયા ૪૦). શિલ્પા શ્રોફ ૪૧). જગદીશ ઠાકોર ૪૨). રસિક જૂઠાણી (ટોરેન્ટો, કેનેડા) ૪૩). વિજય ગોરડિયા ૪૪). જયવંત પદમશી ચિખલ ૪૫). હરીશ મનુભાઇ ભટ્ટ ૪૬). અરવિંદ કામદાર.

## ભેદ અભેદ (સાતમા પાનાનું ચાલુ)

આપી કે હું મરીને ભૂત થઇશ અને આ સડક પર ખૂનામરકી કરીશ... હું બદલો લઇશ... અને ત્યાર બાદ એ પાણી પાણી કરતો મરી ગયો તહો. એના મૃત્યુ પછી લગભગ એકાદ મહિના બાદ અનવર મારી પાસે આવ્યો અને એણે મને કહ્યું, ગોપાલદાસ, આ શહેરમાં એક મોટો માલદાર માણસ મને મળ્યો છે. તેને અમુક માણસો પ્રત્યે દુષ્મનાવટ બંધાઇ છે. એ માણસ પોતે એકલો જ તેઓને પહોંચી વળે તેમ નથી. એ માણસે તેની દુશ્મનાવટનું કારણ કે પોતાના દુશ્મનોનું લિસ્ટ મને આપ્યું નથી. તે એ બધાને મારી નાખવા માગે છે. એના બધા મળીને અગિયાર દુશ્મનો છે. આપણે તેઓનું અપહરણ જ કરવાનું છે... ખૂનો તો એ માલદારે પોતે જ રોકેલા બીજા માણસો કરશે. એક અપહરણ દીઠ એ માણસ દસ હજાર રૂપિયા આપવા તૈયાર છે, અને મારે ફાળે તો ખૂબ જ ઓછું કામ આવવાનું છે, જોકે હું તૈયાર હોઉં તો તે મને બે હજાર રૂપિયા મહેનતાણું આપશે. અનવરની ઓફર મેં તરત જ સ્વીકારી લીધી.'

'પછી...?'

'વાસ્તવમાં સાહેબ, હું એકદમ બેવકૂફ હતો. બે હજાર રૂપિયાની લાલચમાં મારી બુદ્ધિ એકદમ બહેર મારી ગઇ હતી. અનવરની ઓફર પાછળ જે ભયંકરતા હતી એને હું મારા સ્વાર્થમાં આંધળો બનીને નજરઅંદાજ કરી ગયો હતો. મને ફકત બે હજાર રૂપિયા મળવાના હતા. પણ એની સામે એક માસૂમની જિંદગી મૃત્યુના મુખમાં જવાની હતી. આ વિચાર તો મને રહી રહીને આવ્યો હતો. હવે હું મૂળ વાત પર આવું. કેદીને જે મકાનમાં રાખવામાં આવતા હતા, એ હું કે બીજુ કોઇ જાણી ન જાય તે માટે અનવર અમને એક ઘેરા કાળા રંગની મોટરકારમાં બેસાડીને લઇ જતો હતો. આ કારની બારીના કાચ પર પડદા હતા. આમેય તે કાચ પણ એકદમ ઘેરા, દૂધિયા રંગના અને અપારદર્શક હતા. ડ્રાઇવર અને પાછલી સીટ વચ્ચે ઉપરથી નીચે સુધી સળંગ પાર્ટિશન હતું એટલે અનવર કોને ક્યાં લઇ જાય છે એ કોઇ જ જાણી શક્તું નહોતું. મને ફક્ત બે-ત્રણ વાર જ લઇ જવામાં આવ્યો હતો. કાર એકાદ કલાક સુધી દોડતી. એની ગતિ તથા હલનચલન પરથી તે ગોળ ગોળ ઘૂમતી અને ઊંચે જતી સડક પર દોડે છે. એટલું સમજાતું હતું. ઊંચાઇ પૂરી કર્યા પછી તે સમતલ સપાટ સડક પર થોડી વાર દોડતી હતી. પછી એ જબરજસ્ત કમ્પાઉન્ડમાં દાખલ થઇને ઊભી રહેતી. મને યા જે કોઇને આ રીતે લઇ જવાતો તેને તે નીચે ઉતારતો હતો. વૃક્ષોની ઘટાઓ તથા એકદમ અંધકાર હોવાથી ક્યા સ્થળે પોતે આવ્યો છે એ વાત આવનારો પારખી શક્તો નહિ. અંધકારમાં જ એક માણસ આવનારનો હાથ પકડતો અને કેટલીક વાર ચાલ્યા બાદ એક પછી અનેક નાના-મોટા ખંડો વટાવી બે-એક સીડી ચડઊતર કર્યા પછી એક સીડીની નીચે જ આવનારને બેસાડવામાં આવતો હતો. આ રીતે ત્યાં ત્રણ-ચાર માણસોને લાવવામાં આવતા હતા. તેઓનું કામ લૉબીમાં આવેલા કમરામાં કેદ કરી રાખેલો માણસ તોફાન મચાવે કે બૂમાબૂમ કરે યા નાસવાનો પ્રયાસ કરે તો તેને અટકાવવાનો હતો. પહેલી વાર જ્યારે અનવર મારી સામે અબ્દુલનો બનાવટી રબ્બરનો ચહેરો પતાના મોં પર ચડાવીને આવ્યો ત્યારે તો હું પોતે પણ એકદમ ડરી ગયો હતો, અને તેને સાચે સાચે જ અબ્દુલહુસેન માની બેઠો હતો. મારી જેમ બીજાઓ પણ એકદમ ડરી ગયા હતા. પછી જ્યારે અનવરે નકલી ચહેરો દૂર કર્યો ત્યારે અમારી નવાઇનો પાર ન રહ્યો. મારા પૂછવાથી એણે કહ્યું, 'તમે બધા તો મારા મિત્રો છો. તમારા બધાથી કોઇ વાત શા માટે છુપાવવી જોઇએ? સાંભળો, જે માણસે મને અપહરણ કરી લાવવાનું કામ સોંપ્યું છે એણે જ મને આપણા જૂના-જાણીતા, જન્નતનશીન મિત્ર અબ્દુલ હુસેનના ચહેરાનું આબેહૂબ નકલી રબ્બરનું બનાવી મહોરું બનાવીને તેનો ઉપયોગ કરવાની સૂચના આપી. એના કહેવા પ્રમાણે અપહરણ થયેલા માણસોની લાશ સુભાષરોડ પર મૂકવા માટે જવાનું હતું. લાશને મૂકતી વખતે જો કોઇ મને જોઇ જાય તો તે એમ જ માની બેસે કે અબ્દુલહુસેનના આત્માએ પ્રેત બનીને પોતાની ધમકી સાચી પાડી બતાવી છે. પરિણામે લાશને મૂકતી વખતે પણ કોઇ મને જોઇ જાય તો ભૂતના ભયથી નાસી છૂટે. આ ઉપરાંત પોલીસની તપાસ પણ અવળી દિશામાંચડી જાય. (ક્રમશ:)■

## કવર સ્ટોરી (પાંચમાં પાનાનું ચાલુ)

લિલિમાના મોટા ભાઇને પડી એણે કિલકારી રેઇનબો હોમ નામની એનજીઓને જાણ કરી. બસ, લિલિમાના જીવનમાં લાલી આવવાની શરૂઆત થઇ, મીઠીમધુર કિલકારી સંભળાવાની શરુઆત થઇ. એનજીઓની સાથે જોડાયા પછી લિલિમાને ખુલ્લું આકાશ અને મેઘધનુષી રંગો દેખાવા લાગ્યા. બારમા ધોરણ પાસ કર્યા પછી ક્રિયેટીવ સર્વિસ સપોર્ટ ગ્રુપ નામની ચેરિટેબલ સંસ્થાની મદદથી એક રેસ્ટોરન્ટમાં કામ મળ્યું. આ સંસ્થા ગરીબ બાળકોને પોતાના આગવા કૌશલ્યને ખીલવવા માટે તાલીમ અપાવે છે. લિલિમાનું સપનું શેફ બનવાનું હતું જ. સીએસએસજીના કર્તાધર્તા આનંદ કપૂરે સંસ્થાની મુલાકત વખતે સૌને પોતપોતાની ઇચ્છા વિશે પૂછેલું ત્યારે લિલિમાએ શેફ બનવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. આનંદ કપૂરે એને એક ઇટાલિયન રેસ્ટોરન્ટમાં સ્ટાફ માટે ભોજન બનાવવાનું કામ અપાવ્યું હતું.

રેસ્ટોરન્ટના સ્ટાફ માટે ભોજન બનાવવાથી એને સંતોષ નહતો. એને રેસ્ટોરન્ટમાં આવતા લોકોને પોતે ડેવલપ કરેલી વાનગીઓ ખવડાવવાની ભૂખ હતી. થોડા વખત કામ કર્યા પછી એણે ઇટાલિયન ફૂડ બનાવતા શીખવાની ઇચ્છા દર્શાવી. લિલિમાની ધગશ, લગન અને ભૂખ જોઇને રેસ્ટોરન્ટના મેનેજમેન્ટે એને કિચનમાં શેફ લોકોની સાથે મૂકી. જ્યાં એ ઝડપથી ઇટાલિયન ફૂડ બનાવવાનું શીખવા માંડી.

૧૪-૧૫ કલાકની મહેનત, નીતનવી વાનગીઓ બનાવતા શીખવાની ભૂખ અને અંદર રહેલી સાચી ઇન્સાનિયતથી લિલિમા ત્રણેક વર્ષમાં શેફ બની ગઇ. એક સમયે સાદી સેન્ડવીચ પણ નહીં બનાવી શકતી લિલિમા રેસ્ટોરન્ટનું વેજ કિચન સંભાળવા લાગી.

ત્યાર પછી બે-ત્રણ રેસ્ટોરન્ટમાં કામ કરી ચૂકેલી લિલિમા હેડ શેફ બની અને હાલ એક મોટી રેસ્ટોરન્ટમાં ૩૫ જણની ટીમને હેન્ડલ કરે છે. લિલિમાની ખરી ભૂખ તો કાંઇ જુદી જ હતી અને એને સંતોષીને જ એણે ઓડકાર ખાધો. ■

## કથા કોલાજ (પાંચમાં પાનાનું ચાલુ)

એમાં એક ફિલ્મ 'અંજામ'ના શુટિંગમાં મારી મુલાકાત રવિ ડાંગ સાથે થઈ. એ ફિલ્મમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર હતા. ફિલ્મના સેટ પર અમે પહેલીવાર મળ્યા અને મિત્રો બની ગયા. લગભગ દોઢ મહિના સુધી સાથે કામ કર્યા પછી પણ

અમે એકમેકના સંપર્કમાં હતા. એક દિવસ જ્યારે રવિએ મને જુહુ બીચ પર ડિનર માટે પૂછ્યું. મને ખૂબ નવાઈ લાગી કારણ કે, ત્યાં સુધીમાં હું એવું માનતી થઈ ગયેલી કે, હું ગમે એટલી સફળ હોઉં, પરંતુ એક છોકરી કે સ્ત્રી તરીકે કોઈને મારામાં રસ નહીં પડે. એક લંગડી છોકરી સાથે કોને પ્રેમ થાય!

રવિએ જ્યારે ડેટ માટે પૂછ્યું ત્યારે હું ડરતી હતી, પરંતુ એ સાંજ મારા જીવનની સૌથી યાદગાર સાંજ બની ગઈ. અમે અવારનવાર મળવા લાગ્યા. રવિએ એક દિવસે લગ્ન માટે પૂછી નાખ્યું. મને રડવું આવી ગયું. કોઈને મારી સાથે પ્રેમ થઈ શકે! મારે માટે આ જીવનની એક એવી ક્ષણ હતી જ્યારે મારો આત્મવિશ્વાસ જીત્યો હતો... પરંતુ, મેં કહ્યું તેમ મારે માટે જીવનની કોઈ ઉપલબ્ધિ સરળ નથી બની. જ્યારે મેં ઘરે વાત કરી ત્યારે મારા માતા-પિતાએ ઘસીને ના પાડી દીધી. રવિ પંજાબી હતા અને હું તમિલ બ્રાહ્મણ. એમને આ લગ્ન કોઈ સંજોગોમાં મંજૂર નહોતાં, ને હું મારા માતા-પિતાની વિરુદ્ધ કોઈ નિર્ણય કરવા માગતી નહોતી. મારી જિંદગીમાં એમનું પ્રદાન ખૂબ મોટું હતું. હું જીવી શકી અને જિંદગી સામે લડી શકી એમાં મારા માતા-પિતાનો ફાળો એટલો મોટો હતો કે, એમને નારાજ કરીને હું સુખી નહીં થઈ શકું એવી મને ખાતરી હતી.

નવાઈની વાત એ છે કે, મારી સફળતા અને એવોર્ડ્ઝ, સન્માન પછી અનેક લોકો મારા મિત્રો બન્યા. એમાંના ઘણા પુરુષોએ મારામાં અંગત રસ લેવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ એ રસ માત્ર ડેટિંગ કે લફરાં પૂરતો જ હતો! આજના જમાનામાં પણ એક 'અપંગ' યુવતિ સાથે લગ્ન કરવા તૈયાર થાય, એવો પુરુષ શોધવો અઘરો જ છે! મારા માતા-પિતાએ પણ મને બે-ત્રણ છોકરા બતાવ્યા, જે તમિલ બ્રાહ્મણ હતા, ભણેલા હતા, પરંતુ એમનો એટિટ્યુડ એવો હતો કે, જાણે એ દયા ખાઈને મારી સાથે લગ્ન કરવા તૈયાર થયા હતા. હું કોઈ દયા કે સહાનુભૂતિ માટે અહીં સુધી નહોતી પહોંચી. હું જ્યાં ઊભી હતી ત્યાંથી મને જીવનની વિશાળ ક્ષિતિજો દેખાતી હતી, મારે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો કરવા હતા. વધુ ફિલ્મોમાં અને ટીવી પર અભિનય કરવો હતો. જીવનને એક સારી અને સંપૂર્ણ રીતે જીવવાના લક્ષ્ય સાથે હું એક એવા માણસ સાથે લગ્ન કરવા માગતી હતી જે મને સમજે... માત્ર 'સ્વીકારે' નહીં.

અમે બે વર્ષ સુધી એકબીજાને ડેટ કરતાં રહ્યાં. મારા મનમાં એવી ધારણા હતી કે, મારા માતા-પિતા અંતે 'હા' પાડી દેશે. એમને ઘણું સમજાવવા છતાં અને ઘણા પ્રયત્નો છતાં હું એમને સમજાવી શકી નહીં. હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મારા ઘણા મિત્રો હતા, એમાંના કેટલાકે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો, 'માતા-પિતા જીવનભર તારી સાથે નહીં રહે. એક છોકરો જે તને પ્રેમ કરે છે અને બે વર્ષથી તારી રાહ જોઈ રહ્યો છે એ સારો જ માણસ છે, ફક્ત જ્ઞાતિ જુદી છે એટલા ખાતર જો એ લોકો વિરોધ કરતા હોય તો તારે એ વિરોધ ન માનવો જોઈએ.' હું સમજી નહોતી શકતી કે, મારે શું કરવું જોઈએ. એમને નારાજ કરું તો એમણે મારા માટે કરેલી આટલી બધી મહેનત અને મારા માટે આપેલા ભોગને હું અન્યાય કરતી હતી, એમનું માનીને જો રવિને ના પાડું તો એના પ્રેમ અને વિશ્વાસ માટે એ દગો હતો...

એ વખતે મારી બહુ જ સારી મિત્રએ મને સમજાવ્યું, 'અંતે તારા માતા-પિતા છે, તને ચાહે છે, તારું ભલું જ ઈચ્છે છે... જો એકવાર રવિને ઓળખશે તો કદાચ, તારી વાત સમજી શકશે.' પરંતુ, મારા માતા-પિતાએ રવિને મળવાની પણ ના પાડી દીધી. છેલ્લે મેં નક્કી કર્યું કે, હું રવિ સાથે લગ્ન કરી લઈશ. મારા માતા-પિતાને જણાવ્યા વગર ચેમ્બુરના મુરુગન મંદિરમાં મેં રવિ સાથે લગ્ન કરી લીધાં.

શરૂઆતમાં મારા માતા-પિતા ખૂબ નારાજ રહ્યાં. એમને એક નોનવેજ ખાતા, ક્યારેક શરાબ પીતા પંજાબી યુવક સાથેના મારા લગ્ન સ્વીકાર્ય નહોતાં. મારા મિત્રોએ અને રવિએ એમનું દિલ જીતવાનો પ્રયાસ કર્યો. હું એમનું એક જ સંતાન છું, એટલે મને પણ મનમાં એવો અફસોસ રહ્યા કરતો હતો કે, હું એમની ઈચ્છા વિરુદ્ધ પરણી છું. અંતે મારા માતા-પિતાએ અમને સ્નેહથી આવકાર્યાં અને એમના મનની નારાજગી દૂર થઈ ગઈ. આજે, રવિ મારા માતા-પિતા માટે એક પુત્રથી વિશેષ છે...

અમે નક્કી કર્યું હતું કે, અમારે સંતાન નથી જોઈતાં. મારી શારીરિક સ્થિતિ જોતાં હું કદાચ ગર્ભાવસ્થા સહન ન કરી શકું, એવું મારા ડૉક્ટરનું માનવું હતું. રવિએ કોઈપણ પ્રકારના વિરોધ વગર આ વાત સ્વીકારી એ માટે મને અનહદ આદર છે.

આજે, મારી કથા પાઠ્ય પુસ્તકોમાં ભણાવવામાં આવે છે.

અરીસા સામે ઊભી રહીને મને જોઉં છું, તો સમજાય છે કે, કોઈપણ છોકરી સુધા ચંદ્રન બની શકે છે, બસ સાચી લગન, મહેનત કરવાની વૃત્તિ અને સંજોગો સામે લડવાની તૈયારી હોવી જોઈએ.

(સમાપ્ત) ■

## સંબંધોને પેલે પાર (પાંચમાં પાનાનું ચાલુ)

એને લગતું એ સ્ટેટસ હતું. આટલી યંગ એજમાં પ્રેમભંગ થવો અને એ ઘટનાને લઈને એટલું નાસીપાસ થઈ જવું કે સ્ટેટસ અને સ્ટોરીમાં એને લગતી વિગત મૂકવી પડે. એની ઉંમર જોઈને મને નવાઈ લાગી એટલે જિજ્ઞાસાવશ મેં પૂછ્યું. એ વિદ્યાર્થીએ પણ જે ઘટના

એની સાથે બની હતી એ કહી. ૧૭-૧૮ વર્ષની નાનકડી ઉંમરમાં જ્યારે વ્યક્તિ પોતાના ભવિષ્યનો પાયો બનાવી રહી હોય એ એજમાં આ ભાઈ કોઈના દ્વારા તરછોડાયેલાંના સ્ટેટસ મૂકતા હતા. સમજાવટ બાદ તેઓ થોડા રિલેક્સ થયાં. અને ફરીવાર કોઈ નેગેટિવ વિચાર નહીં કરે એવું પ્રોમિસ પણ આપ્યું.

કહેવાનું તાત્પર્ય એ છે કે પીડાદાયક ભૂતકાળ કાં તો અપૂર્ણ પ્રેમની ચાડી ખાતો હશે કાં તો કોઈના દ્વારા મળેલી પીડાની. કારણ જે હોય તે, અહીં એમાંથી બહાર નીકળવાના રસ્તાઓ વિશે વિચારવું જોઈએ. વીતી ગયેલો ભૂતકાળ ન યાદ કરવામાં જ આપણું અને આપણી સાથે જોડાયેલાં તમામનું ભલું છે. 'મારા ભાગ્યમાં એ વ્યક્તિ નથી તો એનાથી પણ સારી અન્ય વ્યક્તિ હશે.' 'મને જોબ માટે લાયક ન ગણ્યો/ગણી તો આનાથી પણ બેસ્ટ જોબ મારી રાહ જોતી હશે.' 'મારા કામની કદર નથી થઈ રહી તો કાંઈ વાંધો નહીં, કદર ટાળવી એ જ મારા કામની કદર છે.' 'જેના માટે મેં પ્રાર્થના કરી હતી એ જ મને ઇગ્નોર કરે છે તો હવે મારે કોના માટે પ્રાર્થવું એની સમજ પડી.' 'એ વ્યક્તિ કદાચ જીવનના બેસ્ટ લેસન ભણાવવા જ આવી હશે સો એને થેન્ક્સ.' 'આ સ્ટેજ સુધી ન પહોંચી શકું એ માટેના પ્રયત્નો કરવા પડ્યાં એ જ મારી ખરી સફળતા છે.' 'મારા માર્ગમાં અવરોધ ઊભો કરવો પડ્યો એ મારી સફળતાની નિશાની છે.' 'છોડીને ગયેલી વ્યક્તિ છોડવા બદલ અફસોસ કરે એવું કરીને બતાવીશ.' આ પ્રકારના જાત સાથેના સંવાદો આપણા મનને પેમ્પર કરે છે. આપણી વ્યગ્રતાને નીચોવીને ફેંકી દે છે. નકામી સ્પેસમાં વાવવાલાયક યાદોનું ખેડાણ કરે છે. આપણી ફળદ્રુપતામાં વધારો કરે છે. ક્યારેક ક્યારેક તો એવી સ્થિતિનું નિર્માણ થાય છે જ્યાં વ્યક્તિ પોતે જ પોતાની મોટીવેટર બનવા લાગે.

**કલાઈમેક્સ**

આપણી છેલ્લી મુલાકાત વખતે તે કહેલાં 'આઈ એમ સોરી' શબ્દોએ મને એટલી મજબૂત કરી કે હું એના માટે તને 'થેન્ક યુ સો મચ' કહીશ...! ■

## ભારતની વીરાંગનાઓ (પાંચમાં પાનાનું ચાલુ)

એ માટે પોતે જે કેસની તપાસ કરી હોય તેની રસપ્રદ ને વિસ્તૃત છણાવટ કરતા. કઠોર પરિશ્રમનું પરિણામ મળે જ છે. અન્નાને પણ મળ્યું. પરીક્ષામાં સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થવા લાગી. એક વાર હિંદુ કાયદાની પરીક્ષાનું પરિણામ કૉલેજના બોર્ડ પર મુકાયેલું. અન્ના એંસી માર્કસ સાથે પ્રથમ ક્રમાંકે આવેલી. એ પછી સહપાઠીઓ દ્વારા થતી સતામણી બંધ થઈ ગઈ. ૧૯૨૬માં કાયદાની અનુસ્નાતક થઈ. કેરળમાં કાયદાની સ્નાતક બનનારી એ પહેલી મહિલા હતી.

અન્નાએ વકીલ તરીકે અદાલતમાં પ્રેક્ટિસ શરૂ કરી. ૧૯૩૭માં કેરળના દીવાન સર સીપી રામાસ્વામી અય્યરે અન્નાને મુનસીફ તરીકે નિયુક્ત કરી. ૧૯૪૮માં અન્નાની પદોન્નતિ થઈ અને એ જિલ્લા ન્યાયાધીશ બની ગઈ. ૧૯૫૯માં કેરળ હાઈ કોર્ટમાં અન્નાની નિયુક્તિ ન્યાયાધીશ તરીકે કરાઈ. ૧૯૬૭માં સેવાનિવૃત્તિ પછી અન્નાને લૉ કમિશન ઓફ ઇન્ડિયામાં નિયુક્ત કરાઈ. અન્ના મહિલાઓના અધિકાર મુદ્દે અવાજ ઉઠાવતી. એણે 'શ્રીમતી' પત્રિકાનું પ્રકાશન કરીને મહિલાઓના મુદ્દા જોરશોરથી ઉઠાવ્યા.

દરમિયાન, અન્નાએ આત્મકથા પણ લખી. આત્મકથાની પૂર્વભૂમિકા બાંધતાં અન્નાએ લખ્યું છે કે, 'હું ઉચ્ચ અદાલતમાં ન્યાયાધીશ બનું એ મારા વહાલા, મારા હૃદયના સ્વામી, મારા પતિનું લાંબા સમયનું સ્વપ્ન હતું. એ સપનું સાકાર થયું ત્યારથી એ મને મારી કથા લખવાનો આગ્રહ કરતા, પણ હું કામનો બોજ, શારીરિક નબળાઈ અને બીજાં બહાનાં હેઠળ લખવાનું ટાળતી રહી, પણ એમનો આગ્રહ વધતો ગયો ત્યારે મેં હકીકત જણાવતાં કહ્યું કે, ખરેખર તો મારી કથા લખવાની જવાબદારી એમની પોતાની જ હતી. યોગ્યતા અને ક્ષમતા પણ, કારણ એ પોતે બહુ સારા લેખક હતા. આમ લખવાનું પરસ્પર ઢોળાતું રહ્યું... આખરે ચાળીસ વર્ષના દાંપત્ય પછી ૬ જુલાઈ, ૧૯૬૭ના મારા પતિ મને છોડીને દુનિયામાંથી ચાલ્યા ગયા... એમની સ્મૃતિમાં, એમની અંતિમ ઈચ્છા પૂરી કરવા મેં મારી કથા લખી. મેં કાંઈ બહુ લાંબુ વિચારીને આ કથા લખી નથી. મેં ક્યારેય ડાયરી કે સંસ્મરણો લખ્યાં નથી. માત્ર સ્મૃતિને આધારે જ મેં અત્યંત સાધારણ શૈલીમાં આત્મકથા લખી છે. હું ફરીફરીને કહું છું કે, આ કથા મેં માત્ર મારા વહાલા, મારા આત્મા સમા પતિ માટે જ લખી છે...' ૨૦ જુલાઈ, ૧૯૯૬ના મૃત્યુ પામેલી અન્નાનો એક એક શબ્દ હૃદયના ઊંડાણમાંથી લખાયેલો, કારણ એ જે કાંઈ હતી એના મૂળમાં એના પતિ જ તો હતા! ■